" Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation

રેફ નં.                                                                 તા: ૧૫/૧૨/૨૦૧૫

તંત્રી શ્રી, ____________________                                       સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(signature)

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## બ્રેનડેડ કનૈયાલાલ દેસાઈના અંગોનું દાન કરી ત્રણ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની આપી દેસાઈ પરિવારે માનવતાની મહેક પ્રસારી.

નામ : કનૈયાલાલ મગનલાલ દેસાઈ ઉ. વ. ૭૫ બ્લડ ગ્રુપ: O+ ( નિવૃત જીવન )

રહેવાસી : ફ્લેટ નં. ૧૦૬, શ્રી રામ કોમ્પ્લેક્ષ, અયોધ્યા નગર, વીજલપુર, તા. જલાલપોર. જી. નવસારી.

કૌટુંબિક વિગત : પત્નિ : કલ્પનાબેન કનૈયાલાલ દેસાઈ ઉ. વ. ૫૩

( જીલ્લા પંચાયત સુરતના આરોગ્ય શાખાના વરેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં સબ સેન્ટર અંભેટી ખાતે ફીમેલ હેલ્થ વર્કર તરીકે જોબ કરે છે.)

પુત્ર : નેહલ કનૈયાલાલ દેસાઈ ઉ.વ ૪૨ ( પાર્કર કંપનીમાં સેલ્સમેન તરીકે જોબ કરે છે.)

પુત્રી : બીનલ નિર્મલસીંહ ગોહીલ ઉ.વ ૪૫

બનાવની વિગત:

રવિવાર તા. ૧૩ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ કનૈયાલાલ ઘરમાં પડી જવાથી માથામાં ગંભીર ઈજા થતા બેભાન હાલતમાં તેમને નવસારીની યશફીન હોસ્પીટલમાં સાંજે ૦૪:૩૦ કલાકે ડૉ. દેવાંગ વૈધની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા અને સારવાર શરૂ કરવામાં આવી. સોમવાર તા. ૧૪ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ C.T સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું માલુમ પડ્યું. ત્યારબાદ તેમની તબિયત બગડતા ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલ અને ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. કેયુર ઠાકોરે તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા.

ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલ અને નેફ્રોલોજીસ્ટ ડૉ. જતા પટેલે Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કનૈયાલાલ બ્રેનડેડ અંગેની માહિતી આપી.

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE
an initiative for organ donation



Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહે ડોનેટ લાઈફ ના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી કનૈયાલાલ બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલા અને રાકેશ જૈને નવસારી યશફીન હોસ્પીટલ પહોચી કનૈયાલાલના પરીવાર સાથે તેમના બ્રેનડેડ અંગે ચર્ચા કરી. જીલ્લા પંચાયતમાં આરોગ્ય શાખામાં ફીમેલ હેલ્થ વર્કર તરીકે કાર્ય કરતા તેમના પત્ની કલ્પનાબેને જણાવ્યું કે " અમો વારંવાર વર્તમાનપત્રોમાં ઓર્ગન ડોનેશન અંગેનાં સમાચારો વાંચતા હતા. અને મારા પતિ કનૈયાલાલ હંમેશા મને કહેતા હતા કે આપણા બે માંથી જે કોઈનું મૃત્યુ પહેલા થાય તેઓએ બીજાના અંગોનું દાન કરવું જોઈએ. આથી જ્યારે ડોક્ટરોએ અમને મારા પતિ કનૈયાલાલના બ્રેનડેડ અંગેની જાણકારી આપી ત્યારે મારા પુત્ર નેહલ, પુત્રી બીનલ અને પરિવારના અન્ય સભ્યો સાથે મળી નક્કી કર્યું કે આપનું સ્વજન બ્રેનડેડ છે, તો તેઓના અંગોનું દાન કરીને કિડની અને લીવર ફેલ્યોરના દર્દીઓને નવજીવન મળતું હોય તો તેઓના અંગોનું દાન કરવું જોઈએ." તદઉપરાંત કલ્પનાબેનના ભાઈ શ્રી જીગ્નેશનું કિડની અને લીવર ફેઈલ થઇ જવાને કારણે ૧૦ મહિના પહેલા જ મૃત્યુ થયું હતું. તેથી તેઓ ઓર્ગન નિષ્ફળતાના પરિવારની તકલીફને સમજતા હતા તેથી કલ્પનાબેને જણાવ્યું કે "તેઓના પતિના અંગો બાળીને રાખ થઇ જાય તેના કરતા બીજી વ્યક્તિને નવજીવન મળતું હોય તો અંગદાન કરવું જોઈએ."

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે બે ચક્ષુઓનું દાન રોટરી આઈ ઇન્સ્ટીટ્યુટે સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની અમદાવાદના શ્રીમતી સુમીનદર બગ્ગા ઉ.વ. ૪૭ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

આ કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કનૈયાલાલના પત્ની કલ્પનાબેન, પુત્ર નેહલ, પુત્રી બીનલ તેમજ સમગ્ર પરીવાર, ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલ, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. કેયુર ઠાકોર, ડૉ. દેવાંગ વૈદ, નેફ્રોલોજીસ્ટ ડૉ. વત્સલ પટેલ, યશફીન હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, સુભાષ જોધાણી અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૩૨ કિડની, ૪૧ લીવર, ૩ પેન્ક્રીઆસ અને ૧૦૮ ચક્ષુઓનો દાન મેળવીને ૨૮૪ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961